ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્સકાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

8866570111 | krcscbvn@gmail.com | krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 12th April, 2025

પ્રતિ,
તંત્રી શ્રી,

જય વિજ્ઞાન,

ભાવનગરના નભમાં આઠ દિવસ દરરોજ વહેલી સવારે જોવા મળશે

## અંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક (International Space Station - ISS)

આ નયન રમ્ય નજરો આપ આપના ઘેર અગાશી પરથી નારી આંખે નિહાળી શકશો

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. **જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.**

રાત્રી દરમ્યાન અવારનવાર અનેક સ્ટારને આપણે અવકાશમાં ચાલતા જોયા હશે, જેને એક ખરતો તારો ગણ્યો હશે, પરંતુ તે હકીકતમાં જો ઓછી લાઈટ ધરવતો હોય તો તે માનવ નિર્મિત કોઈ ઉપગ્રહો પૈકીનો ઉપગ્રહ હોય અથવાતો વધુ ચળકત ધરવતો હોય તો તે અંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક (International Space Station - ISS) છે. જીહા... અંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક કે જેને આપણે નારી આંખે રાત્રી દરમ્યાન અથવા વહેલી સવારે પસાર થતું નિહાળી શકીએ છીએ.

અંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક એ એક મહત્ત્વપૂર્ણ વૈજ્ઞાનિક પ્રોજેક્ટ છે જે પૃથ્વીથી લગભગ 400 કિમી ઊંચાઇએ અંતરિક્ષમાં કક્ષામાં પરિભ્રમણ કરે છે. જેનું નિર્માણ 1998માં શરૂ થયું હતું. પહેલી મોડ્યુલ "ઝારિયા" રશિયાએ લોંચ કરી હતી. આજે તેમાં અમેરિકા (NASA), રશિયા (ROSCOSMOS), યુરોપિયન સ્પેસ એજન્સી (ESA), જાપાન (JAXA), કેનેડા (CSA) દેશોની ભાગીદારી છે. ISS પર વૈજ્ઞાનિકો અને અંતરિક્ષયાત્રીઓ અનેક પ્રકારના વૈજ્ઞાનિક પ્રયોગો કરે છે. ISS લંબાઈ: અંદાજે 109 મીટર, વજન: આશરે 420,000 કિલોગ્રામ, તે લગભગ 28,000 કિમી/કલાકે ફરતી રહે છે, પૃથ્વીનો એક ચક્કર લગાવતા લગભગ 90 મિનિટ સમય લાગે છે, જે ભાવનગરના નભમાં આઠ દિવસ વહેલી સવારે જોવા મળશે.

| તારીખ | દેખાવાનો સમય | ઉંચાઇ | દેખાવાની શરૂઆતની દિશા | દિશા તરફ ગતિ કરશે |
|---|---|---|---|---|
| રવિવાર Apr 13, સવારે 5:37 | 4 min | 17° | અગ્નિ ખૂણો | પૂર્વ |
| મંગળવાર Apr 15, સવારે 5:37 | 7 min | 80° | 10° SW-નૈરુત્ય | 10° NE-ઇશાન |
| બુધવાર Apr 16, સવારે 4:51 | 4 min | 33° | 29° SSE-અગ્નિ | 10° ENE-ઇશાન |
| ગુરુવાર Apr 17, સવારે 4:06 | 1 min | 13° | 13° E-પૂર્વ | 10° E-ઉત્તર |
| ગુરુવાર Apr 17, સવારે 5:39 | 5 min | 23° | 14° પચ્ચીમ | 10° ઉત્તર |
| શુક્રવાર Apr 18, સવારે 4:53 | 3 min | 45° | 45° NNW-વાયવ્ય | 10° NNE-ઇશાન |
| શનિવાર Apr 19, સવારે 4:07 | 1 min | 16° | 16° NE-ઇશાન | 10° NE-ઇશાન |
| રવિવાર Apr 20, સવારે 4:54 | 1 min | 12° | 12° NNW-વાયવ્ય | 10° NNW-વાયવ્ય |

આ નયન રમ્ય નજરો આપ આપના ઘેર અગાશી પરથી નારી આંખે નિહાળી શકશો. આપે નિહાળેલ નજરનો વિડીયો બનાવી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર **8866570111** પર શેર કરવા અનુરોધ. અન્ય વિગતો અને માહિતી માટે www.krcscbhavnagar.org અથવા **8866570111** પર સંપર્ક કરી શકાશે.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.